# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 21-09-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે રાષ્ટ્રપ્રમુખ જો બાઈડેન સાથેની તેમની બેઠક ભારત અને અમેરિકાની વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવશે.
- ✓ **આમ આદમી પાર્ટીના નેતા સુશ્રી આતિષીએ આજે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે.**
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં છત્તીસગઢના બસ્તર ક્ષેત્રમાં માઓવાદી હિંસાનો ભોગ બનેલા લોકો સાથે મુલાકાત કરી.
- ✓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે ગુજરાતના સિલવાસામાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે સરહદો પર શાંતિ છે અને જમ્મુ સરહદ પર લાંબા સમયથી યુદ્ધવિરામનું ઉલ્લંઘન થયું નથી.
- ✓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ-**GeM** એ તેના પ્લેટફોર્મ પર વિક્રેતાઓ અને સેવા પ્રદાતાઓ માટે લેણ-દેણ શુલ્કમાં ઘટાડો કર્યો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**EVE.-PM-US-VISIT**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે રાષ્ટ્રપ્રમુખ જો બાઈડેન સાથેની તેમની બેઠક ભારત અને અમેરિકાની વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવશે.. શ્રી મોદી યુનાઇટેડ સ્ટેટ્સની ત્રણ દિવસની મુલાકાતે છે, આજે રાત્રે ડેલાવેરના વિલ્મિંગ્ટન ખાતે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે દ્વિપક્ષીય બેઠક યોજશે..

આજે 6ઠ્ઠી વાર્ષિક ક્વાડ નેતાઓની પરિષદમાં તેઓ હાજરી આપશે.. અમેરિકા, જાપાન, ભારત અને ઑસ્ટ્રેલિયા ક્વાડ જૂથના સભ્યો જળવાયુ પરિવર્તન સહિત નિર્ણાયક ઉભરતી તકનીકો સુધીના મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે. પ્રધાનમંત્રી તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ એન્થોની અલ્બેનીઝ અને જાપાની સમકક્ષ ફ્યુમિયો કિશિદા સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરવાના છે.

તેમના પ્રસ્થાન નિવેદનમાં, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ક્વાડ જુથ હિન્દ=પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે કામ કરવા માટે સમાન વિચાર ધરાવતા દેશોના મુખ્ય જૂથ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે તેઓ ક્વાડ પરિષદ માટે તેમના સાથીદારોને મળવા માટે આતુર છે.

ત્યારબાદ, પ્રધાનમંત્રી મોદી ન્યૂયોર્ક જશે, જ્યાં તેઓ ભારતીય સમુદાયના લોકો સાથે વાર્તાલાપ કરશે અને અમેરિકા સ્થિત અગ્રણી કંપનીઓના ટોચના અધિકારીઓને મળશે.

તેમની મુલાકાતના અંતિમ દિવસે, શ્રી મોદી ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં 'સમિટ ઓફ ધ ફ્યુચર'ને સંબોધિત કરશે. સમિટની થીમ ‘વધુ સારી આવતીકાલ માટે બહુપક્ષીય ઉકેલો’ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ વૈશ્વિક સમુદાય માટે માનવતાની સુધારણા માટે આગળનો માર્ગ નક્કી કરવાની આ તક છે.

## **ATISHI---DELHI-CM**

**આમ આદમી પાર્ટીના નેતા સુશ્રી આતિષીએ આજે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વી કે સક્સેનાએ રાજનિવાસ ખાતે એક સમારોહમાં આતિશી અને તેમના મંત્રીમંડળને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. AAP નેતા ગોપાલ રાય, કૈલાશ ગહલોત, સૌરભ ભારદ્વાજ, ઈમરાન હુસૈન અને મુકેશ અહલાવતે પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા.**

**આતિશી કાલકાજી વિધાનસભા બેઠકના ધારાસભ્ય છે. ભાજપના સુષ્મા સ્વરાજ અને કોંગ્રેસમાંથી શીલા દીક્ષિત બાદ તેઓ દિલ્હીના ત્રીજા મહિલા મુખ્યમંત્રી બન્યા છે.**

**ઉલ્લેખનીય છે કે  આ અઠવાડિયાની શરૂઆતમાં, અરવિંદ કેજરીવાલે તેમના મંત્રી મંડળ સાથે તેમનું રાજીનામું લેફ્ટનન્ટ-ગવર્નરને સુપરત કર્યું હતું.**

## PREZ-MAOIST-MEET.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં છત્તીસગઢના બસ્તર ક્ષેત્રમાં માઓવાદી હિંસાનો ભોગ બનેલા લોકો સાથે મુલાકાત કરી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું છે કે કોઈપણ લક્ષ્ય હાંસલ કરવા માટે હિંસાનો માર્ગ અપનાવવો યોગ્ય નથી. કોઈપણ સમાજમાં હિંસા સારી નથી. રાષ્ટ્રપતિ મુર્મુએ ડાબેરી આતંકવાદીઓને હિંસા છોડી દેવા વિનંતી કરી. તેમણે કહ્યું કે સરકાર તેમની સમસ્યાઓના ઉકેલ માટે શક્ય તમામ પ્રયાસો કરશે.

## VP– DAMAN VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે ગુજરાતના સિલવાસામાં નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ ખાતે ધવંન્તરીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પી હતી. તેમણે સંસ્થાના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. તેમણે અહીં ઉપસ્થિતિ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ સાથે સંવાદ પણ સાધ્યો હતો. એક

પેડ માં કે નામ અભિયાન અંતર્ગત ઉપરાષ્ટ્રપતિ અને તેમના પત્નીએ વૃક્ષારોપણ પણ કર્યું હતું..

આવતીકાલે તેઓ દિવમાં પ્રધાનમંત્રી આવાસ શહેરી અંતર્ગત નવા મકાનોનું લોકાર્પણ કરશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...**

## J-K-CAMPAIGNING

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે પ્રચાર વેગીલો થયો છે. આ તબક્કામાં છ જિલ્લાઓની 26 બેઠકો પર આ મહિનાની 25મી તારીખે મતદાન થશે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, જમ્મુ અને કાશ્મીરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અભૂતપૂર્વ પરિવર્તન જોવા મળ્યું છે, જે આતંકવાદમાંથી શાંતિ તરફ આગળ વધી રહ્યું છે., તેમણે કહ્યું કે J&Kના યુવાનો હવે પત્થરોને બદલે તેમના હાથમાં લેપટોપ ધરાવે છે.

## AMIT-SHAH-POONCH-RALLY

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે સરહદો પર શાંતિ છે અને જમ્મુ સરહદ પર લાંબા સમયથી યુદ્ધવિરામનું ઉલ્લંઘન થયું નથી. મેંધર અને અન્ય સરહદી જિલ્લાના લોકો શાંતિથી જીવી રહ્યા છે. આજે ચૂંટણી રેલીને સંબોધતા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પાકિસ્તાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી ડરે છે અને તેથી જ યુદ્ધવિરામનું ઉલ્લંઘન થયું નથી.

ઓલ ઈન્ડિયા રેડિયોના જમ્મુ સંવાદદાતાએ અહેવાલ આપ્યો કે શ્રી શાહ પૂંચ જિલ્લાના મેંધર જિલ્લામાં પાર્ટીના ઉમેદવાર મુર્તઝા ખાનના સમર્થનમાં રેલીને સંબોધી રહ્યા હતા. મંત્રીએ કહ્યું કે આ જગ્યા 1990થી આતંકવાદ દ્વારા બરબાદ થઈ ગઈ હતી. તેમણે કહ્યું કે નેશનલ કોન્ફરન્સ, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી અને કોંગ્રેસના શાસનમાં પહાડી, ગુર્જર અને બકરવાલ સમુદાયના લોકોને તેમના અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા હતા. આ પક્ષોના કારણે જમ્મુ-કાશ્મીરમાં લાંબા સમય સુધી પંચાયત, તાલુકા વિકાસ પરિષદ અને જિલ્લા વિકાસ પરિષદની ચૂંટણીઓ થઈ શકી નથી. આજે પંચાયતો, તાલુકા અને જિલ્લાઓના ત્રીસ હજારથી વધુ પ્રતિનિધિઓ લોકશાહીની પ્રક્રિયાનો લાભ લઈ રહ્યા છે.

## KHARGE-JAMMU-CAMPAIGN

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આજે જમ્મુમાં કહ્યું છે કે કોંગ્રેસ પાર્ટી રાહુલ ગાંધીને ધમકી આપવાનો વિરોધ કરશે. ઓલ ઈન્ડિયા રેડિયોના જમ્મુ સંવાદદાતા અનુસાર, શ્રી ખડગેએ ભારપૂર્વક જણાવ્યું છે કે તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભારતીય જનતા પાર્ટી સામે ઝૂકશે નહીં.. કોંગ્રેસ અધ્યક્ષે પત્રકાર પરિષદમાં કહ્યું કે શ્રી રાહુલ ગાંધીને સત્ય બોલવા બદલ નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને તેમની વિરુદ્ધ નફરતનું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે.

## REV-GeM---TRANSACTION-CHARGES

100-દિવસની પહેલના ભાગ રૂપે, ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ-GeM એ તેના પ્લેટફોર્મ પર વિક્રેતાઓ અને સેવા પ્રદાતાઓ માટે લેણ-દેણ શુલ્કમાં ઘટાડો કર્યો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે કહ્યું છે કે તેણે GeMમાં તેની  લેણ-દેણ ફીમાં લગભગ 33 ટકાનો ઘટાડો કર્યો છે જે વેચાણકર્તાઓને ફાયદો કરશે અને તેમને વધુ સ્પર્ધાત્મક બનાવશે. GeM એ તેના પોર્ટલ માટે નવી આવક નીતિની જાહેરાત કરી છે, જે આ વર્ષે 9 ઓગસ્ટથી લાગુ થશે.

આ પોલિસી અનુસાર 10 લાખ રૂપિયા સુધીના લેણ-દેણ પર શૂન્ય ચાર્જ લાગશે. અગાઉ આ મર્યાદા પાંચ લાખ રૂપિયા હતી. મંત્રાલયે કહ્યું છે કે આ સાથે, GeM પર લગભગ 97 ટકા વ્યવહારો શૂન્ય ચાર્જના દાયરામાં આવશે. મંત્રાલયે કહ્યું છે કે બાકીના વ્યવહારો પર, શૂન્ય પૉઇન્ટ ત્રણ શૂન્ય ટકાની નજીવી ફી વસૂલવામાં આવશે જે મહત્તમ ત્રણ લાખ રૂપિયા હશે.

મંત્રાલયે કહ્યું છે કે લેણ-દેણ માળખામાં ફેરફારનો ઉદ્દેશ્ય જાહેર ખરીદીના વાતાવરણમાં પારદર્શિતા લાવવાનો છે. આનાથી નાના ઉદ્યોગોને ફાયદો થશે..

## **CBDT-TAX**

કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ -CBDT દ્વારા આવકવેરાના વિવાદોના કેસમાં પડતર અપીલોનું સમાધાન કરવા માટે ડાયરેક્ટ ટેક્સ ડિસ્પ્યુટ સે વિશ્વાસ-D.T.V.S.V. યોજના, 2024 શરૂ કરાશે. આ યોજના 1લી ઓક્ટોબરથી લાગુ કરવામાં આવશે. ડાયરેક્ટ ટેક્સ વિવાદ થી વિશ્વાસ યોજનાના કરદાતાઓએ આ વર્ષે 31 ડિસેમ્બર અથવા તે પહેલાં સોગંધનામું રજૂ કર્યું છે, તેઓએ કરની ઓછી રકમ ચૂકવવી પડશે.

## **EVE.-SL-PREZ-ELECTION**

શ્રીલંકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં 75 ટકાથી 80 ટકા મતદાન થયાના અહેવાલ છે. અલગ-અલગ ઘટનાઓને બાદ કરતાં ચૂંટણી શાંતિપૂર્ણ રહી છે. આજે સાંજે મતગણતરી શરૂ થઈ છે અને પ્રથમ પોસ્ટલ બેલેટની ગણતરી થઈ રહી છે. ચૂંટણી પંચે કહ્યું છે કે પોસ્ટલ બેલેટની ગણતરી આજે રાત્રે જાહેર કરવામાં આવશે જ્યારે અંતિમ પરિણામ આવતીકાલે આવશે.

ચૂંટણીમાં 50 ટકાથી વધુ માન્ય મત મેળવનાર ઉમેદવારને વિજેતા જાહેર કરવામાં આવશે. કુલ 38 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આ ચૂંટણીમાં મુખ્યત્વે ત્રિકોણીય જંગ છે જેમાં રાનિલ વિક્રમસિંઘે, અનુરા કુમાર દિસનાયકે અને સાજીથ

પ્રેમદાસા સામેલ છે. આ ચૂંટણી આર્થિક સ્થિરતા અને ભ્રષ્ટાચારના મુદ્દા પર લડવામાં આવી છે.

## NEW-CRICKET-(1605)

ચેન્નાઈમાં ભારત સાથેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે રમતના અંતે બાંગ્લાદેશે ચાર વિકેટે 158 રન બનાવી લીધા છે. શાકિબ અલ હસન પાંચ રન બનાવીને રમતમાં  અણનમ છે અને નજમુલ હુસૈન શાંતો 51 રન પર અણનમ છે.

આ પહેલા આજે ભારતે બીજો  દાવ ચાર વિકેટે 287 રન પર જાહેર કર્યો  અને બાંગ્લાદેશને જીતવા માટે 515 રનનો વિશાળ લક્ષ્યાંક આપ્યો હતો. ભારત માટે શુભમન ગિલે 119 રનની શાનદાર સદી તો  રિષભ પંતે 109 રનની શાનદાર સદી ફટકારી હતી.

## EVE.-ALZHEIMER-DAY

દર વર્ષે આજનો દિવસ વિશ્વ અલ્ઝાઈમર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેનો ઉદ્દેશ અલ્ઝાઈમર રોગ વિશે જાગૃતિ ફેલાવવાનો અને તેની સાથે સંકળાયેલા નકારાત્મક વિચારોને દૂર કરવાનો છે. આ વર્ષે વિષે વસ્તુ છે -ઉન્માદ પર કાર્ય કરવાનો સમય, અલ્ઝાઈમર પર કાર્ય કરવાનો સમય. અલ્ઝાઈમર રોગમાં વ્યક્તિનું મગજ સંકોચાવા લાગે છે અને કોષોને નુકસાન થવાને કારણે યાદશક્તિ નબળી પડી જાય છે અને વિચાર અને વર્તન પર પણ અસર થાય છે. આ રોગના લક્ષણો ગંભીર નથી પણ સામાન્ય રીતે અવગણવામાં આવે છે.

એઈમ્સ દિલ્હીના ન્યુરોલોજી વિભાગના વડા ડો. મંજરી ત્રિપાઠીએ ઓલ ઈન્ડિયા રેડિયો સાથેની ખાસ વાતચીતમાં અલ્ઝાઈમર રોગના મુખ્ય લક્ષણો પર પ્રકાશ પાડ્યો, જેમાં યાદશક્તિમાં ઘટાડો, વિચારવામાં મુશ્કેલી, તર્કમાં સમસ્યા, વર્તનમાં ફેરફાર અને હતાશા નિરાશાનો સમાવેશ થાય છે.

## AIR-FORCE-ANNIVERSARY

ભારતીય વાયુસેના 6 ઓક્ટોબરે તેની 92મી વર્ષગાંઠ નિમિતે તમિલનાડુમાં મરિના બીચ પર હવાઈ પ્રદર્શન કરશે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે આ વર્ષે આ કાર્યક્રમનો વિષય છે... ભારતીય વાયુસેના - સક્ષમ, મજબૂત, આત્મનિર્ભર. જે એરસ્પેસની સુરક્ષા પ્રત્યે વાયુસેનાની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવે છે.